# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દાહોદ દ્વારા પ્રેરણા પ્રવાસ યોજાયો

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દાહોદ દ્વારા તા. ૨૬/૦૭/૨૦૧૮ના રોજ ડેરી વ્યવસાય કરતા કુલ ૨૭ બહેનો માટે પંચામૃત ડેરી, ગોધરા અને પંચામૃત દાણ ફેકટરી, ખાંડીયા મુકામે પ્રેરણા પ્રવાસનુ આયોજન કરવામાં આવેલ.

સૌ પ્રથમ બહેનોએ પંચામૃત ડેરી, ગોધરાની મુલાકાત લીધી. જ્યાં ડેરીના અધિકારીઓ દ્વારા જુદી જુદી ગ્રામ્ય દુધ મંડળીથી એકત્રિત કરાયેલ દુધ ડેરીમાં લાવ્યા બાદ તેનુ કઇ કઇ પ્રક્રિયા દ્વારા દુધની કોથળીઓ બનાવાય છે તેવા તમામ વિભાગોની પત્યક્ષ મુલાકાત કરાવી. તેમજ દુધની જુદી જુદી બનાવટો જેમ કે ઘી, બટર, શ્રીખંડ, ફ્લેવર્ડ મિલ્ક વગેરે વિભાગોની પણ મુલાકાત કરાવી. ત્યાર બાદ અધિકારીઓ દ્વારા બહેનો સાથે સભાખંડમાં ડેરી ઉધોગ વિશે ઉંડાણપુર્વક ચર્ચા કરેલ.

ત્યાર બાદ બહેનોએ પંચામૃત દાણ ફેકટરી, ખાંડીયા ખાતે પશુઆહારોની બનાવટના વિભાગોની મુલાકાત લીધેલ. પંચામૃત દાણ ફેકટરીના અધિકારીઓ દ્વારા બહેનોની સૌ પ્રથમ દુધાળા પશુઓને કેવા પ્રકારનો આહાર ઉપયોગી છે તેમજ જુદા જુદા પશુઓને આહારમાં કઈ કઈ જાતનુ દાણ તેમજ દાણોના મિશ્રણ ખવડાવવા જોઇએ જેથી તેમના પશુઓનુ દુધનુ ઉત્પાદન વધે તે વિશે સમજાવ્યુ. ઉત્સાહી બહેનોએ ત્યાંથી જુદા જુદા દાણોની ખરીદીની માંગ કરતા ત્યાંના અધિકારીએ તેમને તેની સગવડ પણ પુરી પાડેલ.

આ પ્રેરણા પ્રવાસ દુધ ઉત્પાદન વ્યવસાય કરતી બહેનો માટે ખુબ હકારાત્મક ભાગ ભજવ્યો અને બહેનોએ તે અંગે ખાતરી આપતાં જણાવ્યુ કે તેઓ આ વ્યવસાયને ભવિષ્યમાં ખુબ સારી રીતે વૈજ્ઞાનિક ઢબે પોતાના જીવનમાં આવકનું સાધન બનાવશે. આ પ્રેરણા પ્રવાસને સફળ બનાવવા કે.વિ.કે. આ.કૃ.યુ. દાહોદના વૈજ્ઞાનિકો ડૉ. આર. રાધા રાની, વૈજ્ઞાનિક (પશુ વિજ્ઞાન) અને પ્રો. જી. કે. ભાભોર, વૈજ્ઞાનિક (વિસ્તરણ શિક્ષણ)એ ઉત્સાહભેર ભાગ લીધેલ.


પંચામૃત


અમૂલ
Amul


